# ભરૂચ જીલ્લા પોલીસ દ્વારા કરેલ સારી કામગીરીની માહિતી

**DATE: 19/04/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# ફૂલવાડીના ખેતરમાં ખાડો કરી દાટેલો દારૂનો જથ્થો ઝડપાયો

**રૂ.97 હજારનો વિદેશી દારૂનો જથ્થો રાખનાર અને મોકલનાર બે વોન્ટેડ**

ભરૂચ: ભરૂચ જિલ્લા એલસીબી પોલીસે ઝઘડિયાના ફૂલવાડી ગામે ખેતરમાં ખાડા કરી દાટેલો દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. ભરૂચ એલસીબીની ટીમ સોમવારે ઝઘડિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ પેટ્રોલિંગમાં હતી. એ દરમિયાન બાતમી મળી હતી કે, ફૂલવાડી ગામે એક બુટલેગરે પોતાના ઘર નજીકના ખેતરમાં ગેરકાયદે દારૂનો જથ્થો સંતાડી રાખ્યો છે. એલસીબી ટીમે બાતમી મુજબના સ્થળે છાપો મારતાં ખેતરમાં અલગ અલગ જગ્યાએ ખાડા ખોદી તેમાં બેરલો ઉતારી બેરલોમાં ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખ્યો હોવાની જાણ થઈ હતી. પોલીસે ઘટના સ્થળેથી ભારતીય બનાવટની વિદેશી દારૂની કુલ 870 જેટલી રૂ.97200ની કિંમતની બોટલો કબજે લીધી હતી. આ કામગીરી દરમિયાન સ્થળ ઉપર નહીં મળેલા બુટલેગર સુનીલ માનસિંગ વસાવા (રહે.,ફૂલવાડી) તેમજ દારૂનો જથ્થો મોકલનાર પ્રકાશ ઉર્ફે પકો વસાવા (રહે.,નવાગામ, કરારવેલ, તા.અંકલેશ્વર)ને ઝડપી લેવા કવાયત હાથ ધરી હતી. એલસીબી દ્વારા આ બાબતે ઝઘડિયા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

**DATE: 19/04/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# અંકલેશ્વરમાં રિગલ હોટલના કંપાઉન્ડમાં પાર્ક ટ્રકમાંથી શંકાસ્પદ પ્રવાહીનો જથ્થો ઝડપાયો

**શંકાસ્પદ** પ્રવાહી, ટ્રક, બે મોબાઇલ ફોન મળી 5.33 લાખનો મુદ્દામાલ કબજે, બેની અટકાયત



અંકલેશ્વરઃ અંકલેશ્વરથી ભરૂચ જતાં રોડ પર નેશનલ હાઈવે નં.48 પર એક હોટલના કમ્પાઉન્ડમાં પાર્ક કરેલી ટ્રકમાં કંપનીમાંથી ભરી લવાયેલા શંકાસ્પદ પ્રવાહીના જથ્થા સાથે બે ઝડપાયા હતા.

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાંચ પોલીસ અંકલેશ્વર પેટ્રોલિંગમાં હતી. એ સમયે બાતમી મળી હતી કે, નેશનલ હાઈવે-48 પર અંકલેશ્વરથી ભરૂચ જતાં રોડ પર શંકાસ્પદ પ્રવાહીના જથ્થા સાથે એક શખ્સ આવવાનો હોવાથી આ ચોક્કસ બાતમીના આધારે લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે તલાશી લેતાં નેશનલ હાઈવે નં.48 પર રિગલ હોટલ પાછળના કમ્પાઉન્ડમાં ટ્રક નં.(GJ-06-W-9650) પાર્ક કરી હોય, જેમાં બાતમી મુજબની હકીકતના આધારે બે શખ્સ અરવિંદ રામબહાદુર પાલ (રહે.અંકલેશ્વર, મૂળ રહે.,ઉત્તરપ્રદેશ) અને રાકેશ રાજદેવ પાલ (રહે.,રાજપીપળા મૂળ રહે.,ઉત્તરપ્રદેશ)ને પ્રવાહીના જથ્થા વિશે પૂછતાછ કરતાં આ પ્રવાહીનો જથ્થો પાનોલીથી ભરી નંદેસરી જીઆઈડીસી વડોદરા ખાલી કરવાનું જાણવા મળ્યું હતું. જેનું બિલ કે કોઈ આધારભૂત પુરાવો ન મળતાં શંકાસ્પદ પ્રવાહીનો જથ્થો કિં.રૂ.30,000, ટ્રકની કિં.રૂ.5,00,000 અને બે મોબાઈલ ફોન કિં.રૂ.3500 મળી કુલ રૂ.5,33,500ના મુદ્દામાલ સાથે બે આરોપીને ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાંચે ઝડપી પાડ્યા છે. આગળની કાર્યવાહી માટે અંકલેશ્વર શહેર પોલીસને તપાસ સોંપવામાં આવી છે.

**DATE: 19/04/2022 CATEGORY: RED**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### નર્મદા ચોકડી માર્ગ પર પોલીસનો રોફ ઝાડી યુવક-યુવતી પાસેથી રૂપિયાનો તોડ કર્યો હતો

# મિકેનિકલ ડિપ્લોમા કરી વિદેશ જવાની તૈયારી કરતો યુવક પોલીસનો રોફ જમાવી તોડ કરવા જતાં પકડાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

મેકેનિકલ ડિપ્લોમા કર્યાં બાદ વિદેશ જવાની તૈયારી કરનાર યુવાને બોગસ પોલીસ બની એક યુગલને ધમકાવી તેમની પાસેથી 5 હજાર રોકડા-મોબાઈલનો તોડ કર્યો હોવાનો બનાવ ભરૂચના દહેજ બાયપાસ રોડ પર એબીસી ચોકડીથી નર્મદા ચોકડી પાસે બન્યો હતો. પોલીસે વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત લગાવેલાં સીસીટીવી કેમેરાના ફૂટેજના આધારે આરોપીની ધરપકડ કરી હતી.


આરોપી કંદર્પ

ભરૂચ શહેરના દહેજ બાયપાસ રોડ પર એબીસી ચોકડીથી નર્મદા ચોકડી તરફ જવાના માર્ગ પર એક યુવાન અને યુવતી તેમના અભ્યાસના કોઈ કામ અર્થે ઉભા હતાં. તે વેળાં એક શખ્સે બાઈક પર ત્યાં આવી તેઓને ધમકાવાનું શરૂ કર્યું હતું. તેમજ પોતાની ઓળખ પોલીસ તરીકે આપી હતી. તેમની સામે કેસ કરવાની ધમકીઓ આપી હતી. બન્ને ગભરાઈ જતાં આખરે 10 હજારમાં મામલો પતાવવાનું કહેતાં યુવાને તેની પાસે માત્ર 5 હજાર હોવાનું જણાવ્યું હતું. જેના પગલે ગઠિયાએ યુવાન પાસે એટીએમમાંથી 5 હજાર રૂપિયા ઉપડાવી રૂપિયા અને મોબાઈલ લઈ ત્યાંથી નાસી છૂટ્યો હતો. દરમિયાનમાં યુગલને તેમની સાથે ઠગાઈ થઈ હોવાનું લાગતાં તેમણે સી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ આપતાં પોલીસે વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત લગાવાયેલાં સીસીટીવી કેમેરાના ફૂટેજના આધારે યુવાન અને તેની બાઈકના નંબરના આધારે તેની તપાસ કરતાં તેનું નામ કંદર્પ નરેશ પરમાર (રહે. શ્રદ્ધા સોસાયટી, લિંકરોડ) હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે તેની ધરપકડ કરી પુછપરછ કરતાં તેણે મિકેનિકલ ડિપ્લોમા કર્યું હોવાનું અને તે ગ્રીસ જવા માટેની પ્રોસેસમાં હોવાની કેફિયત રજૂ કરી હતી. જોકે, તેણે અન્ય કોઈને આ પ્રકારે લૂંટ કરી છે કે કેમ તેની વિગતો મેળવવા પોલીસે રિમાન્ડની તજવીજ શરૂ કરી છે.

**DATE: 20/04/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–03**

# અંકલેશ્વરની કેડીલા કંપનીમાં મોબાઈલ સાથે યુવાન ઝડપાયો

અંકલેશ્વર | અંકલેશ્વરની કેડીલા ફાર્માસ્યુટિકલ કંપનીમાં 5 મોબાઈલ લઈને આવેલ ઈસમને સિક્યુરિટી ગાર્ડે પૂછપરછ કરતા સંતોષકારક જવાબ ન આપતા આ અંગે જીઆઈડીસી પોલીસ મથકે જાણ કરી હતી. પોલીસે કંપની પર આવેલ 23 વર્ષીય દિપક જંગ નારાયણ સિંહ રાજપૂત સઘન પૂછપરછ શરુ કરી હતી તેની પાસે રહેલ મોબાઈલ અંગે જરૂરી બિલ તેમજ આધાર પુરાવા માંગતા તે ગલ્લા-તલ્લા કરવા લાગ્યો હતો. પોલીસે તેની પાસે રહેલા 5 મોબાઈલ કિંમત રૂપિયા 29 હજાર જપ્ત કરી ગુનો નોંધ્યો હતો.

**DATE: 20/04/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### હરિપુરા ગામેથી સાગરીત સાથે ચોરી કર્યાની કબૂલાત

# અડોલ ગામેથી ચોરીના મોબાઈલ સાથે શખ્સ ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબી પોલીસે અડોલ ગામે થી ચોરી ના મોબાઈલ અને ઘરફોડમાં રીઢા ચોરને ઝડપી પાડ્યો હતો. તેની પાસે રહેલ ચોરી ના ચાર મોબાઈલ જપ્ત કર્યા હતા. બે વર્ષ પૂર્વે હરિપુરા ગામે 2020 માં અન્ય એક સાગરીત સાથે ચોરી કરી હતી. પોલીસે અન્ય એક ઈસમ ને વોન્ટેડ જાહેર કર્યો હતો. તસ્કર એ જે તે વખતે મોબાઈલ અને સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી.

ભરૂચ એલસીબી પોલીસ ની ટીમ અંકલેશ્વર ગ્રામ્ય વિસ્તાર માં મિલ્કત સંબંધી વણઉકેલ્યા ગુના નું ડિટેકશન માટે પેટ્રોલિંગ માં હતી. તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે અડોલ ગામ ખાતે રહેતા એક ઈસમ શંકાસ્પદ મોબાઈલ વેચાણ કરવા ના ઈરાદે ફરી રહ્યો છે. જે આધારે અડોલ ગામ ખાતે થી ચોરી ના મોબાઈલ વેચવા ની ફિરાક માં ફરતા મહેશ ઉર્ફે કોલો અબુભાઈ વસાવા ઝડપી પડ્યો હતો તેની પાસે રહેલ મોબાઈલ અંગે જરૂરી આધાર પુરાવા માગતા તે ગલ્લા ટલ્લા કરવા લાગ્યો હતો. જેઆધારે પ્રાથમિક તેની અટક કરી પૂછપરછ કરતા તેને 2020 માં મહેશ ઉર્ફે મોના કાંતિ વસાવા સાથે મળી હરિપુરા ગામ ખાતે થી અલગ અલગ ઘર માંથી મોબાઈલ તેમજ સોના ચાંદીના દાગીનાની ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી જે આધારે પોલીસે તેની ધરપકડ કરી અંકલેશ્વર તાલુકા પોલીસના હવાલે કર્યો હતો પોલીસે 2020માં થયેલ ચોરીના ગુનાનો ભેદ ઉકેલવાની સાથે સાથે અન્ય ચોર મહેશ ઉર્ફે મોના કાંતિ વસાવાને વોન્ટેડ જાહેર કર્યો હતો અને તેની ધરપકડના ચક્રોગતિમાન કર્યા હતા.

**DATE: 20/04/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**




# અંકલેશ્વરમાં યુપીએલ કંપની પાસે પાઉડર ચોરીમાં બે પકડાયા

## ચોરી કરેલો પાઉડર કિં.રૂ.૧૭ લાખનો મુદ્દામાલ કબજે

અંકલેશ્વર: ગત તા.૧૧મીએ UPL-1ના ગેટ નં-૨ પાસે પાર્ક કરેલો ટેમ્પો નં.GJ-16-AU-4009માં પાનોલી ખાતે આવેલ સાવરિયા ગોડાઉન NKD ખાતેથી ઉલાલા અને પનાના પાઉડર ભરેલાં ૪૯૩ બોક્સ જેના એક બોક્સમાં ૬ કિ.ગ્રા. પાઉડર હતો. જે ટેમ્પો પાર્ક કર્યો હતો. અજાણ્યા ઈસમોએ પાઉડરના ૪૯૩ બોક્સમાંથી ૪૨ બોક્સ ચોરી થતાં અંકલેશ્વર શહેર પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફ દ્વારા જગ્યા ઉપર જઈ સીસીટીવી ફૂટેજ મેળવી તપાસ કરી હતી.

એ દરમિયાન બાતમી મળી હતી કે, "UPL કંપની પાસે થયેલી ચોરીમાં વપરાયેલા સફેદ અને ગ્રે કલરનો ટેમ્પોમાં ચોરાયેલો મુદ્દામાલ વેચવા વાલિયા ચોકડી આવે છે. જે બાતમીના આધારે સુરતથી અંકલેશ્વર ને.હા. ૪૮ ઉપરથી વાલિયા ચોકડી નીચે ઊતરવાના કટ ઉપર અલગ-અલગ જગ્યા પર વોચમાં રહી બાતમી મુજબનો ટાટા ટેમ્પો આવતાં તેની સાથેના પોલીસ માણસો દ્વારા કોર્ડન કરી રોડની સાઈડમાં ઊભો રખાવી રજિસ્ટ્રેશન નંબર જોતાં GJ-16-AU-3497નો હતો અને ટેમ્પોમાં ચેક કરતાં સાત થેલામાં સફેદ પાઉડર મળી આવ્યો હતો. બે આરોપીએ આજથી છ દિવસ અગાઉ UPL-૧ કંપનીના ગેટ પાસેથી ટેમ્પોમાંથી પાઉડરનાં બોક્સ બીજા ત્રણ સાથે મળી ચોર્યાની કબૂલાત કરી હતી. પોલીસે મુદ્દામાલ કબજે કરી બેની અટક કરી કાર્યવાહી કરી છે. એ સાથે પોલીસ દ્વારા ચોરી કરેલો પાઉડર મુદ્દામાલ કિં.રૂ.૧૭,૧૬,૧૨૦ કબજે કરાયો હતો.

**DATE: 21/04/2022 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–07**

### ભરૂચ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા ભંગારના ગોડાઉન પર દરોડો

# શેરપુરા - ડુંગરી રોડ ગોડાઉનમાંથી લાખ્ખોનો શંકાસ્પદ ભંગાર ઝડપાયો

| ભરૂચ |

ભરૂચ એલસીબી પોલીસ દ્વારા ભરૂચ શહેર નજીક શેરપુરા-ડુંગરી રોડ પર આવેલ અમન પાર્ક સોસાયટીમાના ભંગારના ગોડાઉનમાં તપાસ કરવામાં આવી હતી. ગોડાઉનમાંથી અલગ અલગ સાઈઝની એસએસ પાઈપો નંગ ૯ તથા એસએસના અલગ અલગ સાઈઝની ફ્લેજ નંગ ૬૮, એસએસના સાપ્ટીંગ નંગ ૨ તથા બિજના મોટા જેક અને એમએસના અલગ અલગ સાઈઝના સળીયા વગેરે સામાન મળી આવેલો. આ સામાન અંગે ગોડાઉનમાં હાજર વ્યકીત પાસે ભંગાર રાખવા બાબતે બીલ કે આધાર પુરાવો પોલીસે માંગતા રજૂ કરી શકેલ નહી.

આ મુદ્દામાલ ત્રણ વ્યકિતઓ બીરલાગ્રાસીમ કંપની વાગરા, દયાદરા ખાતે બનતા હાઈવે તેમજ નવનિર્મિત રેલ્વેની સાઈટ ઉપરથી આપી ગયેલ હોવાની હકીકત જણાવી હતી. જેથી તમામ મુદ્દામાલ ચોરી અગર ચોરીની પ્રવૃત્તિ દ્વારા એકત્રિત કરવામાં આવ્યુ હોય તેવી શંકા હોય તમામ ભંગારનો વજન કરાવી કુલ મુદ્દામાલ કિંમત રૂ.૨,૭૨,૩૦૦ કબ્જે કરી આરોપી એઝાઝ અબ્દુલ શેખ, રહે.અમન પાર્ક, શેરપુરાને બી.ડીવીઝન પોલીસને વધુ તપાસ અર્થે સોંપવામા આવેલ છે. આ બનાવમાં એસએસ પાઈપ, ફ્લેજ તથા સાપ્ટીંગ કુલ વજન ૩૫૦ કી.ગ્રામ કિંમત રૂ.૭૩,૫૦૦, એમએસ જેક તથા સળીયાનું કુલ વજન ૫૬૮૦ કીલોગ્રામ કિંમત રૂ.૧,૯૮,૮૦૦ કુલ મુદ્દામાલ રૂ. ૨,૭૨,૩૦૦ કબજે કરવામાં આવેલ છે.

### ભંગારના સામાનમાંથી ચોરીના ગુનાનો ભેદ ઉકેલાય તેવી સંભાવના

ભરૂચ પોલીસ તંત્ર દ્વારા ભંગારના ગોડાઉન પર રેડ કરવામાં આવી છે. આ રેડ દરમ્યાન વિવિધ ભંગારનો સામાન ઝડપી લેવામાં આવ્યો છે જે અંગે આ સામાન કયાંથી લાવ્યા તે માટે કોઈ ચોકકસ જવાબ ન મળતા પોલીસને એવી શંકા થઈ રહી છે કે, આ સામાનની વધુ તપાસ દરમ્યાન ચોરીના ગુનાનો ભેદ ઉકેલાય તેવી સંભાવના નકારી શકાતી નથી.

**DATE: 21/04/2022 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–10**

# હાંસોટના આમોદ ગામેથી જુગાર રમતા બે ઝડપાયા : ચાર ફરાર

અંકલેશ્વરના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈના માર્ગ દર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર બી. એમ. ચૌધરીનાઓએ હાંસોટ પોલીસ સ્ટેશનના સ્ટાફના કર્મીઓ સાથે મળી મળેલ બાતમીના આધારે હાંસોટ તાલુકાના આમોદ પાટીયા દાદરી ફળિયા ખાતે ખુલ્લી જગ્યામાં ગંજીફાના પત્તા પાના પૈસા વડે હાર જીત નો જુગાર રમતા બે જુગારીઓ રવિ ચિરંજીવી વસાવા તથા વિજય ગંગા સાગર મહતો ને પકડી પાડી તેમની અંગ જડતી માંથી રોકડા રૂપિયા૯૭૬૦ તથા મોબાઈલ નંગ એક તથા પત્તા પાના કુલ બાર હજાર ચારસો સાઠીઠ ના મુદ્દા માલ સાથે ઝડપી લીધા હતા જ્યારે ચાર આરોપી લાલીયો, પપ્પુ, જગદીશ દુકાનવાળો અને તુલસી બેચર પરમાર ભાગી જતા વૉન્ટેડ જાહેર કર્યા છે.

**DATE: 21/04/2022 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–10**

# છ વર્ષથી નાસતા ફરતા આરોપીને રાજપારડીથી ઝડપી પાડ્યો

રાજપારડી : રાજપારડી પોલીસ સબ ઈન્સ્પેકટર જી.આઈ.રાઠોડ નાઓએ અલગ અલગ ટીમો બનાવી પેટ્રોલીંગમા હતા. દરમ્યાન હ્યુમન ઈન્ટેલીજન્સ તથા ટેકનીકલ સર્વેલન્સની બાતમી આધારે તાલુકાના જરસાડ ગામના દિવાન ફળીયામાં ઈનાયતખાન ઉર્ફે તોફીક હમીદશા દીવાન નાઓને રાજપારડી - ઝઘડીયા રોડ ઉપર આવેલ ભુડવા ખાડી પાસેથી પકડી લાવ્યા હતા. તેની યુક્તિ - પ્રયુક્તિથી સઘન પુછપરછ કરતા રાજપારડી પો. સ્ટેના ૦૩ ગુનાઓમા વોન્ટેડ હોવાની હકીકત જણાવેલ છે . તેમજ ડભોઈ પો.સ્ટે વિસ્તારમા ચોરી તેમજ બોડેલી પો.સ્ટે વિસ્તારમા મારા - મારી કરેલ હોવાની કબુલાત કરેલ હતી.

**DATE: 21/04/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## ભરૂચ જિલ્લાના 3 પોલીસ મથકમાં 4 ગુનામાં વોન્ટેડ જાહેર હતો

# હજાતના કુખ્યાત બૂટલેગરને પેરોલ ફર્લો સ્કવોડે ઝડપી પાડ્યો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ના વધુ એક કુખ્યાત બુટલેગર ને પોલીસે ઝડપી પાડી જેલ ભેગો કર્યો હતો. હજાત નો કુખ્યાત બુટલેગર અને કંડમ ચોર દશરથ ઉર્ફે દશું ને પેરોલ ફર્લો સ્કોર્ડ એ ઝડપી પાડ્યો હતો. અંકલેશ્વર શહેર તાલુકા અને ભરૂચ ના એ પ્રોહિબિશનના ગુનામાં વોન્ટેડ હતો. પેરોલ ફર્લો સ્કોર્ડ એ ચોક્કસ માહિતી આધારે ઘર થી પોલીસે ઝડપી પાડ્યો હતો. સતીશ ઉર્ફે સતલો ગાંડો બાદ વધુ એક કુખ્યાત લીકર કિંગ જેલ ભેગો કરાયો હતો.

ભરૂચ અને અંકલેશ્વર ના 3 પોલીસ મથક માં પ્રાથમિક ચાર જેટલા ગુના માં વોન્ટેડ કુખ્યાત બુટલેગર અને કંડમ ચોર દશરથ ઉર્ફે દશું આખરે જેલભેગો કરાયો છે. ભરૂચ પેરોલ ફર્લો સ્કોર્ડ ની



ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે પ્રોહિબિશન ના અનેક ગુના માં વોન્ટેડ એવા હજાત ના દશરથ ઉર્ફે દશું બાલુ વસાવા પોતાના ઘરે છે.જે આધારે ફર્લો સ્કોર્ડ ની ટીમે દશું ના ઘરે દરોડા પાડ્યા હતા ને ઘર ની નજીક વોચ ગોઠવી હતી જેવો દશરથ વસાવા ઘર ની બહાર નીકળ્યો કે તરત જ ઘર દબોચી લીધો હતો. જેની પ્રાથમિક પૂછપરછ માં એલસીબી પોલીસે નવા પંતુરીયા ગામ ખાતે ઝડપી પાડેલા ઈંગ્લીશ દારૂમાં જયેશ વસાવાને ઝડપી પાડ્યો હતો જેમાં ઈંગ્લીશ દારૂ દશું વસાવા પાસે લાવ્યો હતો તે કેસમાં વોન્ટેડ હતો. તેમજ ભરૂચ સી ડિવિઝન પોલીસે 15 દિવસ પહેલા જુના કાસીયા ગામ ના ઈસમ ઈંગ્લીશ દારૂ સાથે ઝડપી પાડ્યો હતો જેમાં વોન્ટેડ હતો તેમજ શહેર પોલીસ મથક વિસ્તારમાં તાજેતર સ્ટેટ મોનિટર સેલ એ ઝડપી પાડેલા ઈંગ્લીશ દારૂ પ્રકરણ માં પણ તે વોન્ટેડ હતો આ ઉપરાંત અન્ય એક ગુના માં તે વોન્ટેડ હોવાની કબૂલાત કરી હતી જે આધારે અંતે પેરોલ ફર્લો સ્કોર્ડ એ તેની વિધિવત ધરપકડ કરી અંકલેશ્વર તાલુકા પોલીસ ના હવાલે કર્યો હતો. દશરથ ઉર્ફે દશુ વસાવા અગાવ કંડમ ઓઈલ ચોરી માં પણ સંડોવાયેલો હતોને કંડમ કિંગ અને ત્યારબાદ હવે લીકર કિંગ બનવાના અભરખા જગ્યા હતા જેને પેરોલ ફર્લો સ્કોર્ડ એ ઝડપી પાડી તોડી નાખ્યા હતા.

**DATE: 21/04/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંકલેશ્વરના વોન્ટેડ બૂટલેગરને આહવા-ડાંગ જેલમાંથી લવાયો

અંકલેશ્વર | અંકલેશ્વર તાલુકા પોલીસ મથકમાં ઝડપાયેલ ઈંગ્લીશ દારૂ પ્રકરણમાં વલસાડના પંકજ ઉર્ફે પક્કો રબારીની નામ ખુલ્યું હતું જેમાં તાલુકા પોલીસ મથકે છેલ્લા ઘણા સમયથી વોન્ટેડ હતો જે અંગે તપાસ અંકલેશ્વર શહેર પોલીસ મથકના પી.એસ.આઈ. કેતન પટેલ ને સોંપવાની માં આવી હતી તેવો દ્વારા આ અંગે તપાસ શરૂ કરતા વલસાડના બુટલેગર પંકજ રબારી હાલ આહવા-ડાંગની જેલમાં હોવાની વિગતો સામે આવતા પોલીસ દ્વારા ટ્રાન્સફર વોરન્ટ મેળવી કુખ્યાત બુટલેગરને અંકલેશ્વર લઈ આવી હતી અને તેની વધુ પુછપરછ આરંભી હતી.

**DATE: 22/04/2022 CATEGORY: GREEN**

# ભરૂચના બિગ બોસ સ્પામાં દેહવેપાર 6 યુવતી અને સ્પા માલિક ઝડપાયો

**ડમી ગ્રાહક** મોકલી પોલીસે ટ્રેપ ગોઠવી, બે મોબાઈલ, રોકડા મળી રૂ.૧૩,૫૦૦નો મુદ્દામાલ કબજે કરાયો



ભરૂચ: ભરૂચ-દહેજ બાયપાસ રોડ પર સ્પાની આડમાં ચાલતો ગેરકાયદે દેહનો વ્યવસાય ભરૂચ પોલીસે ઝડપી પાડ્યો હતો. બિગ બોસ સ્પાની આડમાં બહારથી છ યુવતી મંગાવીને દેહવ્યાપાર કરાતો હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ બહાર આવ્યો હતો. ભરૂચ A ડિવિઝનના પીઆઈ એ.કે.ભરવાડને બાતમી મળી હતી કે, ભરૂચમાં શ્રવણ ચોકડી પાસે આવેલા અભ્યુદય આર્કેડમાં બિગ બોસ સ્પાની આડમાં બહારની છોકરી મંગાવી રીતસરનો દેહવ્યાપાર ચલાવાય છે. આથી એક ખાનગી વ્યક્તિને પોલીસ સ્ટેશનમાં બોલાવી બાતમીથી વાકેફ કરી ગ્રાહક તરીકે તૈયાર કરી બિગ બોસ સ્પામાં મોકલ્યો હતો, જેમાં દેહવ્યાપાર ચાલતો હોવાનું જણાતાં આખરે પોલીસે રેડ કરી હતી. જ્યાંથી છ યુવતી અને બિગ બોસ સ્પા દુકાન ચલાવતો માલિક રાકેશ મનુ વાળંદ (રહે., A/૮-વિશ્વંભર કોમ્પ્લેક્સ, MRF શો રૂમની પાછળ, નંદેલાવ,ભરૂચ) ઝડપાઈ ગયા હતા. પોલીસે બે મોબાઈલ, કાઉન્ટર પરથી રોકડા મળી કુલ રૂ.૧૩૫૦૦ની મત્તાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ભરૂચ A ડિવિઝન પોલીસે ઈમોરલ ટ્રાફિકિંગ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઘણા લાંબા સમયથી સ્પાની આડમાં દેહવેપાર ચાલતો હતો. રૂપલલના ક્યાંથી આવતી હતી? વિદેશની હોય તો પાસપોર્ટ છે કે કેમ ? ભરૂચના શહેરમાં જ્યાં રાખતા હતા એ મકાનમાલિકે પોલીસ પાસે વેરિફિકેશન કરાવ્યું છે કે કેમ જેવા પ્રશ્નોના જવાબો માટે પણ રહસ્ય હજુ અકબંધ છે. ભરૂચ પોલીસે તલસ્પર્શી તપાસ કરે તો ઘણી હકીકત બહાર આવે એમ છે. આ સમગ્ર મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.



# અંકલેશ્વરમાં ભંગારના ગોડાઉનમાં પોલીસની રેડ: વાયરો અને લોખંડનો સામાન કબજે કરાયો

અંકલેશ્વર: અંકલેશ્વર હાઇવે પર આવેલી હોટલની બાજુના ભંગારના ગોડાઉનમાં અંકલેશ્વર શહેર પોલીસે દરોડા પાડી રૂપિયા 1 લાખથી વધુના મુદ્દામાલ સાથે એક શખ્સની અટકાયત કરી હતી.

અંકલેશ્વર શહેર પોલીસ કાફલો પેટ્રોલિંગમાં હતો. એ દરમિયાન બાતમી મળતાં નેશનલ હાઇવે નં.48 પર ભરૂચથી સુરત તરફ જતા રોડ પર આવેલી બેરાન હોટલની બાજુમાં આવેલ ગોડાઉનમાં અશોક રાજપુરોહિતે પોતાના ગોડાઉનમાં કોઈ જગ્યાએથી ભંગાર લાવી છુપાવી રાખ્યું છે. આથી 2 પંચ સાથે ખાનગી વાહનોમાં જઈ પોલીસે તપાસ કરતાં ભંગારના ગોડાઉનમાં વાયરો સળગાવ્યા હોવાનું જોવા મળ્યું હતું. ભંગારના ગોડાઉનમાં હાજર ઇસમ મુકેશ રાજપુરોહિતને સાથે રાખી ગોડાઉનમાં ચેક કરતાં એલ્યુમિનિયમના વાયરો, લોખંડના પાઈપો, લોખંડની ઍંગલો તથા લોખંડના સળિયા મળી આવ્યા હતા.

જે મુદ્દામાલ રાખવા બાબતે મુકેશ રાજપુરોહિત પાસે આધાર-પુરાવા માંગતાં ગલ્લાતલ્લા કરી ઉડાઉ જવાબ આપતાં પોલીસે રૂ.1,18,650ના મુદ્દામાલ સાથે અટકાયત કરી હતી. મુકેશ રાજપુરોહિત આ મુદ્દામાલ ક્યાંથી લાવ્યો? એ બાબતે પૂછપરછ કરતાં પોતાના શેઠ અશોકસિંહ રાજપુરોહિતનું ગોડાઉન હોય અને જેઓ હાલ રાજસ્થાન ખાતે ગયા હોવાનું જણાવ્યું હતું. હાલ તો પોલીસે મુદ્દામાલ સહિત આરોપીની CRPC કલમ-41 (1) ડી મુજબ અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### નમૂના લઈ FSLમાં મોકલી સ્થળ પર જ પોલીસ પી.એમ. કરાવ્યું

# પાનોલી ખાતે ખેતરમાં ગૌવંશનો નિકાલ કરવાનું કૌભાંડ ઝડપાયું

### ગૌ રક્ષક દ્વારા તાલુકા પોલીસ મથકે જાણ કરતાં પોલીસે તપાસ આરંભી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



પાનોલી ખાતે ખેતરમાં ગૌ વંશ નો નિકાલ કરવાનું કૌભાંડ ઝડપાયું હતું. ગૌ રક્ષક દ્વારા તાલુકા પોલીસ મથકે જાણ કરતાં પોલીસે તપાસ આરંભી હતી. એફ.એસ.એલ ના નમૂના લઈ સ્થળ પી.એમ કરાવી પોલીસ દ્વારા ત્યાંજ ગૌ વંશ નો દાટીને નિકાલ કર્યો હતો. એફ.એસ.એલ ના પ્રાથમિક રિપોર્ટ આધારે પોલીસ ફરિયાદ નોંધવાની તજવીજ શરૂ કરી હતી. પોલીસ દ્વારા ખેતર માલિક સઈદ કાલુ દીવાનની પૂછપરછ શરૂ કરી છે.

અંકલેશ્વરના પાનોલીથી રવિદરા ગામ તરફ જતા માર્ગ પર ગૌ વંશનું કતલ કરી તેનો નિકાલ કરવામાં આવી રહ્યો હોવાની માહિતી ગૌ રક્ષક એ અંકલેશ્વર તાલુકા પોલીસ મથકે આપતા તાલુકા પોલીસની ટીમ સ્થળ પર દોડી ગઈ હતી જ્યાં પાનોલીના સાઈદ કાલુ દિવાન નામના ઈસમના ખેતરમાં ગૌ વંશના અવશેષો મળી આવ્યા હતા જે અંગે ત્વરિત અસર થી એફએસએલ તેમજ પશુ ચિકિત્સકને સ્થળ પર બોલાવી સ્થળ પી.એમ સાથે પોલીસ દ્વારા જરૂરી નમુના એફ.એસ.એલ માટે લઈ મોકલ્યા હતા જે રિપોર્ટ આધારે આગળ ગુનો નોંધવાની પોલીસે તજવીજ શરુ કરી હતી. તેમજ પ્રાથમિક વિધિવત ગૌ વંશના અવશેષોનો નિકાલ કર્યો હતો તેમજ અંદાજે 80 થી 90 કિલો ગૌમાંસ ના જથ્થા નો મળી આવ્યો હતો. પોલીસ દ્વારા ખેતર માલિક અને મુખ્ય સૂત્રધાર સઈદ કાલુ દીવાનની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા હતા.

**DATE: 23/04/2022 CATEGORY: GREEN**

# પાનોલી GIDCમાં R.S.P.L. કંપની પાછળ ખુલ્લી જગ્યામાં જુગાર રમતા બે ઝડપાયા




અંકલેશ્વર: ભરૂચ એલ.સી.બી.ની ટીમ અંકલેશ્વર ડિવિઝન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. એ દરમિયાન બાતમી મળી હતી કે, પાનોલી GIDCમાં R.S.P.L. કંપની પાછળ આવેલી નહેરના કિનારા પાસે ખુલ્લી જગ્યામાં અમુક ઇસમો આંક ફરકનો હારજીતનો જુગાર રમી રમાડે છે. જે હકીકત આધારે ભરૂચ એલ.સી.બી.ની ટીમે રેડ કરી બે આરોપી શંકર કેશવલાલ (રહે.,સંજાલી) અને ભાદરિયા વસાવા (રહે.,પાનોલી)ને રોકડા તથા જુગાર રમવાનાં સાધનો સહિત કુલ મુદ્દામાલ કિં.રૂ.૧૬,૦૦૦ સાથે ઝડપી પાડ્યા હતા. જ્યારે આ ગુનામાં મીરાબેન વસાવા (રહે.,જીન ફળિયું, અંકલેશ્વર)ને વોન્ટેડ જાહેર કરાયા હતા. પોલીસે ઝડપાયેલા બે આરોપી ઉપર જુગાર ધારાની સંલગ્ન કલમ મુજબ કાર્યવાહી કરી આગળની તપાસ માટે અંકલેશ્વર રૂરલ પોલીસમથકે સોંપ્યા હતા.

**DATE: 23/04/2022 CATEGORY: GREEN**

# ભરૂચમાંથી ૧૮ એપ્પલ મોબાઈલ સાથે એક ઝડપાયો

ભરૂચ : ભરૂચ પંથકમાં શંકાસ્પદ મોબાઈલના ખરીદ-વેચાણનો ધંધો ધિકતો ચાલી રહ્યો છે ત્યારે ભરૂચ એસઓજી પોલીસે એપલ કંપનીના ૧૮ જેટલા શંકાસ્પદ મોબાઈલ સાથે એક ઈસમને ઝડપી પાડયો હતો.

ભરૂચ એસઓજીના પીઆઈ કે.ડી.મંડોરાએ અને તેમની ટીમ ભરૂચ શહેર વિસ્તારમાં વાહન ચેકીંગમાં હતા. તે દરમ્યાન બાતમી મળી હતે કે, મુંબઈ તરફથી આવતી એક ઈકો ગાડીમાં પેસેન્જર તરીકે મુસાફરી કરતા સિરાજ નામનો ઈસમ શંકાસ્પદ મોબાઈલનો જથ્થો લઈને આવનાર છે. જેથી નર્મદા મૈયા બીજ ઉતરી શિતલ સર્કલ પાસે એસઓજી પોલીસ વાહન ચેકીંગ કરી રહી હતી.

ત્યારે બાતમી મુજબની ગાડી આવતા તેમાં મુસાફરી કરતા સિરાજ હસનભાઈ કાકાના રહે.બાલાનગર, જંબુસર, પાસેથી થેલામા રાખેલ એપલ કંપનીના અલગ અલગ મોડલના મોબાઈન નંગ ૧૮ મળી આવ્યા હતા. આ અંગે સિરાજ કાકાના પાસે ખરીદ બીલ કે આધાર પુરાવા ન હતા. જેથી એપલ મોબાઈલ ફોન નંગ ૧૮ જેની કુલ કિંમત રૂા.૧૧,૭૦,૦૦૦ જેટલી થાય છે તે કબ્જે કરી સિરાજ કાકાની અટક કરવામાં આવી હતી.

**DATE: 24/04/2022 CATEGORY: GREEN**

### એક્ટિવામાં દારૂની 102 બોટલ લઈ જતો હતો

# સારંગપુર પાસે અમરાવતી નદી કિનારે દારૂ સાથે એક ઝડપાયો

### પોલીસે એક્ટિવા મળી 52 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર સારંગપુર અમરાવતી નદી કિનારે ઈંગ્લીશ દારૂ સાથે એક ઈસમને ઝડપી પાડ્યો હતો. એક્ટીવામાં દારૂની 102 બોટલ સાથે એકને ઝડપી પાડ્યો હતો જ્યારે બીજો ફરાર થઈ ગયો હતો.



અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથકના હે. કો દિનેશભાઈ તેમજ સ્ટાફે પેટ્રોલીંગમાં હતા તે વેળાં સારંગપુર ગામ ની સીમ માં આવેલ અમરાવતી નદી કિનારે ઈંગ્લીશ દારૂ સંતાડ્યો ચોક્કસ માહિતી મળી હતી . જે આધારે પોલીસ દ્વારા સ્થળ પર સર્ચ કરતા ત્યાં એક્ટિવા પર ઈંગ્લીશ દારૂ કાઢી લઈ જતા સારંગપુર ના નવીનગરી ના રોહિત દલસુખ વસાવા રંગેહાથ ઝડપાઈ જવા પામ્યો હતો.

પોલીસે તેની પાસે થી ઈંગ્લીશ દારૂ ની 180.એમ.એલ ની 96 બોટલ તેમજ 750 એમ.એલ ની 6 બોટલ મળી કુલ 12.600 રૂપિયા નો ઈંગ્લીશ દારૂ મળી આવ્યો હતો.

પોલીસે દારૂ તેમજ એક્ટીવા મળી 52.600 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સ્થળ પર થી પોલીસ જોઈને કિનારે ભાગી ગયેલ મનીષ ઉર્ફે મલો કાલિદાસ વસાવા રહે સારંગપુરને વોન્ટેડ જાહેર કર્યો હતો.

**પ્લોટ અને શેડ વેચવાનો છે**

અંકલેશ્વરમાં જીઆઈડીસી પાસે ૩૦૦ મીટર x ૪ પ્લોટ =૧૨૦૦ મીટર N.A. પાસ, ટોપ લોકેશન ઈન્ડસ્ટ્રીયલ જગ્યા વેચવાની છે (અને ૩૦૦ મીટરનો ટાઈટલ ક્લીયર તૈયાર શેડ વેચવાનો છે)

**Mo. 9081206332**

**E-PAPER DIVYABHASKAR PAGE–01**

વલસાડનો ખેપિયો પોલીસના હાથે પકડાયો, ભરૂચનો બૂટલેગર વોન્ટેડ

# કારમાં ચોરખાનું બનાવી દારૂની હેરાફેરી કરાવતો ખેપિયો ઝડપાયો

## એલસીબીએ ભરૂચ શહેરના સેવાશ્રમ રોડ પરથી કાર પકડી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ



ભરૂચ એલસીબીની ટીમ રાત્રીના સમે પેટ્રોલિંગ કરી રહી હતી. તે વેળાં તેમને ચોક્કસ બાતમી મળી હતી કે, એક ઇનોવા કારમાં ચોરખાના બનાવીને તેમાં દારૂની હેરાફેરી કરાઇ રહી છે. અને કાર સેવાશ્રમ રોડથી પાંચબત્તી તરફ જવાની છે. જેના પગલે ટીમે સેવાશ્રમ ખાતે વોચગોઠવી બાતમી મુજબની કાર ત્યાં આવતાં તેમણે કારને અટકાવી તલાશી લેતાં કારમાં ડ્રાઇવરની બાજુ નીચેની સાઇડ તેમજ વચ્ચેની સીટના ભાગે તેમજ ત્રીજી લાઇનમાં અવોલી સીટના પાછળના ભાગ ખેપિયાએ ચોરખાનું બનાવી તેમાં દારૂની બોટલો ભરેલી જણાઇ હતી. પોલીસે કુલ 36 હજારની મત્તાની 72 બોટલો બહાર કાઢી ખેપિયાની પુછપરછ શરૂ કરી હતી. તેણે પોતાનું નામ ચેતન ઇશ્વર પટેલ (રહે. ટેકરા ફળિયુ, સાગર ડેરી રોડ, વલસાડ) હોવાનું તેમજ ભરૂચના વિરલ નામના બુટલેગરે તેની પાસેથી દારૂ મંગાવતાં દમણના વાઇન શોપથી ભરી લાવ્યો હોવાનું કબુલ્યું હતું. પોલીસે કુલ 36 હજારની મત્તાનો વિદેશીદારૂનો જથ્થો તેમજ મોબાઇલ અને કાર મળી 3.39 લાખનો મુદામાલ જપ્ત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 24/04/2022 CATEGORY: GREEN**

### 2 બળદ, એક ગાય અને એક વાછરડાને મુક્ત કરાવ્યાં

# પાનોલીમાં ગૌવંશની કતલ બદલ ખેતર માલિક વિરુદ્ધ ગુનો નોંધાયો

### એફએસએલ રિપોર્ટમાં ગૌવંશ હોવાનું સામે આવ્યું

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

પાનોલી ખાતે ખેતરમાં ગૌ વંશની કતલ બદલ ખેતર માલિક વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. એફ.એસ. એલ રિપોર્ટમાં ગૌ વંશ હોવાનું સામે આવ્યું હતું. પોલીસ દ્વારા ખેતર માલિક સઈદ કાલુ દીવાન વિરુદ્ધ ગૌ વંશના કતલનો ગુનો દાખલ કર્યો હતો. 36 હજાર નો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ આરંભી હતી.

21મી એપ્રિલના રોજ અંકલેશ્વરના પાનોલીથી રવિદરા ગામ તરફ જતા માર્ગ પર ગૌ વંશનું કતલ કરી તેનો નિકાલ કરવામાં આવી રહ્યો હોવાની માહિતી ગૌ રક્ષક એ અંકલેશ્વર તાલુકા પોલીસ મથકે આપતા તાલુકા પોલીસની ટીમ સ્થળ પર દોડી ગઈ હતી જ્યાં પાનોલીના સઈદ કાલુ દિવાન નામના ઈસમના ખેતર માં ગૌ વંશ ના અવશેષો મળી આવ્યા હતા તેમજ ગૌ માંસ અને કતલ કરવાના ઈરાદે રાખેલ બે બળદ એક ગાય અને એક વાછરડા મળી આવ્યું હતું. જ્યારે એક કોઠારા નીચે 80 કિલો ગૌ વંશ નું માંસ પણ મળી આવ્યું હતું. તેમજ કતલ કરવાના સાધનો પણ મળી આવ્યા હતા. જે અંગે ત્વરિત અસર થી એફ.એસ. એલ તેમજ પશુ ચિકિત્સક ને સ્થળ પર બોલાવી સ્થળ પી.એમ સાથે પોલીસ દ્વારા જરૂરી નમૂના એફ.એસ.એલ માટે લઈ મોકલ્યા હતા જે સંદર્ભે એસ.એસ.એલ દ્વારા માંસ ગૌ વંશ હોવાનો રિપોર્ટ આવતા પોલીસે પોલીસ દ્વારા ખેતર માલિક અને મુખ્ય સૂત્રધાર સઈદ કાલુ દીવાન વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. તેમજ સઈદ દીવાનની ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

**DATE: 24/04/2022 CATEGORY: GREEN**

**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ભરૂચ એલસીબી ઝઘડિયા તાલુકામાં સક્રિય થઈ

# સિક્યુરિટી ગાર્ડ પર હુમલો કરનાર ત્રણ શખ્સો ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા ખાતેની જીઆઇડીસીમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતો મુળ મધ્યપ્રદેશનો દામોદરસિંગ ભદોરીયા નામનો ઈસમ ગત તા.૧૮ મીના રોજ સાંજના સાત વાગ્યાના અરસામાં નોકરી પરથી છુટીને ઘરે જતો હતો, તે દરમિયાન રસ્તામાં ત્રણ અજાણ્યા ઈસમોએ તેને રોકીને માર માર માર્યો હતો. આ સંદર્ભે ઝઘડીયા પોલીસમાં અજાણ્યા ઈસમો વિરુધ્ધ ફરિયાદ દાખલ થઇ હતી. આ ગુનાનો ભેદ ઉકેલવા ભરુચ જિલ્લા એલસીબી એ કવાયત હાથ ધરી હતી. દરમિયાન એલસીબી ને હ્યુમન ઈન્ટેલિજન્સથી બાતમી મળ્યા મુજબ એલસીબી ની ટીમે આ ગુનામાં સંડોવાયેલ ત્રણ ઈસમોને ઝડપી લીધા હતા. મળેલ બાતમીના આધારે ભરુચ જિલ્લા એલસીબી ની ટીમે સિક્યુરિટી ગાર્ડને માર મારનાર ત્રણ ઈસમો પૈકી એકને કંપનીમાંથી તેમજ બે ઈસમોને પોતપોતાના ઘેરથી ઝડપી લીધા હતા. મનીષ અર્જુનભાઇ વસાવા રહે. ખરચી તા.ઝઘડીયા, શૈલેશ સુભાષભાઇ વસાવા રહે. સારંગપુર જીતાલી ફાટક પાસે તા.અંકલેશ્વર તેમજ ધર્મેશ ઉર્ફે લાલો દલપતભાઈ વસાવા રહે.ગામ રંડેરી તા.ઝઘડીયા જિ.ભરુચના નામના આ પકડાયેલ ત્રણ ઈસમોની એલસીબી પોલીસે પુછપરછ કરતા તેઓ ભાંગી પડ્યા હતા, અને મોટરસાયકલ લઇને ત્રણેય જતા હતા તે દરમિયાન આ ગુનો કરેલ હોવાની કબુલાત કરી હતી. પોલીસે આ ગુનામાં ઉપયોગમાં લેવાયેલ રુ. એક લાખની કિંમતની મોટરસાયકલ કબજે લઇને આરોપીઓને આગળની કાર્યવાહી માટે ઝઘડીયા પોલીસને સોંપ્યા હતા.